| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૮/૧૨/૨૦૨૧ |
| રજીસ્ટર તારીખ | : | ૦૮/૧૨/૨૦૨૧ |
| ફેસલતારીખ | : | ૦૨/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષઃ૦૪, માસઃ૦૪, દિવસઃ૨૫ |

सत्यमेव जयते

## બરવાળાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુકામ –બરવાળા, જીલ્લો–બોટાદ

***ફોજદારી કેસ નંબર ૭૧૪/૨૦૨૧***

**આંકઃ–**

**ફરીયાદી: –** શ્રી સ ર કા ર

**:– વિરૂધ્ધ –:**

**આરોપી:–** (૧) ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજેન્દ્રભાઇ હરીસંગભાઇ ઉર્ફે બાબુભાઇ રાઠોડ
ઉ.વ. ૩૬ , ધંધો–ખેતી
રહે– પાટ શેરી, તાલુકો બરવાળા, જીલ્લો– બોટાદ,

(૨) રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભાઇ રામદેવસિંહ પરમાર,
ઉ.વ. ૪૭, ધંધો–ખેતી
રહે–પંડ્યા શેરી, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ.

(૩) બાવકુભાઇ બહાદુરભાઇ ધાધલ,
ઉ.વ. ૪૦, ધંધો–ખેતી
રહે–રેફડા, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ.

(૪) રવિરાજભાઇ ઉર્ફે ભગીરથભાઇ બાબભાઇ ખાચર,
ઉ.વ. ૨૪ , ધંધો–ખેતી
રહે–ગુંદા, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ,

(૫) નટુભાઇ બબાભાઇ સાલેવાલા
ઉ.વ. ૬૩, ધંધો–ખેતી

રહે– કુંડળ દરવાજા પાસે, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ,

(૬) યુનુશભાઇ ઉર્ફે ફિનીયો જમાલભાઇ બાવનકા
ઉ.વ. ૪૭, ધંધો–મજુરી
રહે–ધોલેરીયા પરામાં, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ.

**<u>ગુન્હો:– ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા મની લેન્ડર્સ એકટ ની કલમ–૪૦, ૪૨ મુજબ.</u>**

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડો. પી.એન.કાંગ્રીચા
આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી પી.એમ. રાઠોડ

**– <u>ચુ કા દો</u> –**

**(૧) <u>*ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,*</u>**

આ કામના ફરીયાદી એ ગઇ તારીખ ૧૦/૦૭/૨૦૨૦ થી છ વર્ષ પહેલા આ કામના આરોપીઓ પાસે થી અગાઉ પૈસા વ્યાજે લીધેલ અને ત્યારબાદ ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી તથા ધાક ધમકીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતા, આરોપીઓ ખોટા વ્યાજો ચડાવી, ફરીયાદીની વાડીએ તથા ઘરે આવી વ્યાજના પૈસા અવાર નવાર પઠાણી ઉઘરાણી કરી, ફરીયાદીને ગાળો આપી, પૈસા નહી આપે તો ફરીયાદી તથા તેના ઘર ના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, ફરીયાદીની જમીન તથા મકાન પડાવી લેવા દસ્તાવેજ કરાવી લેવા ધમકીઓ આપી, ગુન્હો કરેલ. આથી ઉપરોકત બનાવ બાબતે ફરિયાદીએ હાલના આરોપીઓ વિરૂધ્ધ બરવાળા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવેલી.

ફરિયાદીએ ઉપર મુજબની વિગતે ફરિયાદ નોંધાવતાં, બરવાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૧૨૦૦૨૮૬/૨૦૨૦ હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા મની લેન્ડર્સ એક્ટની કલમ–૪૦, ૪૨ મુજબનો ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ. સદર ગુન્હો નોંધાતાં, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતાં સાહેદનાં નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામું કરેલ, આરોપીઓને અટક કરેલ, તેમજ તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઉપરોકત મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરતા

તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૨) હાલના આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ હાજર થતાં, તેઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુન્હા સબબ આંક–૩ થી આરોપીઓ વિરૂઘ્ધ તહોમતનામું ફરમાવી, આંક– ૪ થી આંક–૯ આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકિકતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

## ::––<u>મૌખિક પુરાવા</u>––::

| <u>અનુ.નં.</u> | <u>આંક</u> | <u>સાહેદનું નામ</u> |
|---|---|---|
| ૧) | ૧૭ | ફરીયાદી જીવરાજભાઇ ચતુરભાઇ ઝાંઝરુકીયાની જુબાની |
| ૨) | ૨૧ | પંચ ધર્મેન્દ્રભાઇ દિલીપભાઇ ઝાંજરુકીયાની જુબાની |
| ૩) | ૩૪ | સાહેદ સંગીતાબેન જીવરાજભાઇ ઝાંજરુકીયાની જુબાની |
| ૪) | ૩૯ | સાહેદ લીલાબેન હરજીભાઇ ઘરજીયાની જુબાની |
| ૫) | ૪૧ | સાહેદ અનિલભાઇ બાવુદીનભાઇ સાલેવાલાની જુબાની |
| ૬) | ૪૬ | તપાસ કરનાર અમલદારશ્રી રમેશકુમાર કાંતિલાલ પ્રજાપતીની જુબાની |

## ::––<u>દસ્તાવેજી પુરાવા</u>––::

| <u>અનું.નં.</u> | <u>આંક</u> | <u>દસ્તાવેજનું વર્ણન</u> |
|---|---|---|
| ૧) | ૧૮ | ફરીયાદ |
| ૨) | ૨૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩) | ૪૨ | દસ્તાવેજની ઝેરોક્ષ |

| | | |
|---|---|---|
| ૪) | ૪૭ | સુચીપત્ર |

(૪) આ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય વધુ કોઈ પુરાવા રજુ થયેલ નથી. ત્યારબાદ, વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ફરીયાદપક્ષ નો પુરાવો પુર્ણ કરેલ. ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય, તેઓનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓના પર ખોટો કેસ કરેલ હોવાની હકિકત જણાવેલ છે. વધુમા જણાવેલ છે કે, '' આવો કોઈ બનાવ બનેલો જ નથી. ખોટી રીતે અમોને સંડોવી દીધેલા છે. અમો નિર્દોષ છીએ. ''

**<u>ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીની દલીલો:–</u>**

(૫) ફરીયાદપક્ષે આ કામે એ.પી.પી.શ્રી પોતાની મૌખિક દલીલોમા જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીઓ પાસેથી ફરીયાદીએ પૈસા વ્યાજે લીધેલ અને ફરીયાદીની જમીન ૧૦ વીઘા વેચાવી દઈ, બળજબરીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતાં આરોપીઓએ ખોટા વ્યાજ ચડાવી, ફરીયાદીની વાડીએ તથા ઘરે આવી, વ્યાજના પૈસાની અવારનવાર પઢાણી ઉઘરાણી કરી, ફરીયાદી ગાળો આપી પૈસા નહી આપે તો તેને તથા ઘરના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદીની જમીન તથા મકાન પડાવી લેવા દસ્તાવેજ કરાવી લેવા માંગતા હોવાની ફરીયાદ ફરીયાદીએ કરેલ છે. સબબ ગુનાના કામે ફરીયાદીને તથા આ કામે સાહેદ સંગીતાબેન, લીલાબેન અને અનીલભાઈએ તથા તપાસ કરનાર અમલદારે રમેશકુમાર કાંતિલાલ પ્રજાપતિને ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલા છે. તમામ સાહેદો ફરીયાદીની ફરીયાદ હકિકતને સમર્થનકારક જુબાની આપેલ છે. આ કામે ગુનાવાળી જગ્યાના પંચ ધમેન્દ્રભાઈ દીલીપભાઈ ઝાન્જરુકિયા નાઓ પણ ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન આપી પુરવાર કરેલ છે. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય. આરોપીઓને મહતમ કાયદામા સૂચવેલ સજા કરવા વિનંતી કરેલ છે.

**<u>આરોપીઓના વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો:–</u>**

(૬) આરોપીઓના વિધ્વાન વકીલશ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીઓ સામે પુરતો અને ઉપજાવી કાઢેલ હકિકતો જણાવી, ખોટી ફરીયાદ કરેલ છે. હાલના આરોપીઓ ફરીયાદી પાસેથી બળજબરીથી કોઈ દસ્તાવેજ કરાવી લીધેલ નથી. આરોપીઓને ખોટી રીતે સંડોવી દેવા હાલનો ખોટો કેસ ફરીયાદી ધ્વારા કરવામા આવેલો છે. ફરીયાદીએ પોતાની મિલકતનો માલિકીનો આધાર આ કામે રજૂ કરેલો નથી. આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના કામે કોઈ પ્રોમીસરી નોટ, હુંડી, દસ્તાવેજ કે બાનાખત કબજે કરવામા આવેલ નથી. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ કરનાર અમલદાર ધ્વારા લેવામા આવેલ નથી. આ કામે જેના નિવેદનો તપાસ કરનાર અમલદાર ધ્વારા નોંધવામા આવેલા છે તે ફરીયાદીના સગા-સંબંધીઓ છે. આ કામે નોંધવામા આવેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોના નિવેદનોમા ઘણી વિસંગતતા અને વિરોધાભાસ હકિકતો રેકર્ડ પર આવેલ છે. વધુમા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે તેમજ કોઈ પણ શંકા રહિત પુરવાર કરેલ ન હોય. આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલો કરવામા આવેલ છે.

(૭) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**::-મુ દ્દાઓ-::**

*૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ, આ કામના ફરીયાદી એ ગઈ તારીખ ૧૦/૦૭/૨૦૨૦ થી છ વર્ષ પહેલા આ કામના આરોપીઓ પાસે થી અગાઉ પૈસા વ્યાજે લીધેલ અને ત્યારબાદ ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતા આરોપીઓએ, ફરીયાદીની જમીન તથા મકાન પડાવી લેવા દસ્તાવેજ કરાવી લેવા ધમકીઓ આપી,* ***ભારતીય દંડ સાંહિતાની કલમ- ૩૮૪, ૩૮૫, ૩૮૬*** *મુજબ ગુનો કરેલ છે ?*

*૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ, ફરીયાદીને ગાળો આપી, પૈસા નહી આપે તો ફરીયાદી તથા તેના ઘર ના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી,* ***ભારતીય દંડ સાંહિતાની કલમ- ૫૦૪, ૫૦૬(૨),*** *મુજબ ગુનો કરેલ છે ?*

*૩. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ, આ કામના ફરીયાદી એ આરોપીઓ પાસે થી વ્યાજે લીધેલ પૈસા , ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતા આરોપીઓ ખોટા વ્યાજો ચડાવી ફરીયાદીની વાડીએ તથા ઘરે આવી વ્યાજના પૈસાની અવાર નવાર પઠાણી ઉઘરાણી કરી,* ***મની લેન્ડર્સ એક્ટની કલમ-૪૦, ૪૨*** *મુજબ ગુનો કરેલ છે ?*

***૪. શું હુકમ ?***

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧: **નકારમાં**

મુદ્દા નંબર ૨: **નકારમાં**

મુદ્દા નંબર ૩: **નકારમાં**

મુદ્દા નંબર ૪: **આખરી હુકમ મુજબ**.

## ::નિર્ણયના કારણો::

(૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની

છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**<u>મુદ્દા નંબર ૧ અંગે:-</u>**

**(૧૦)** ફરીયાદપક્ષના કેસમાં હાલના કામના આરોપી સામે **ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૮૪, ૩૮૫, ૩૮૬** મુજબનો આક્ષેપ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૪:- બળજબરીથી પડાવી લેવા માટે સજા :-</u>**

- કોઈ પણ વ્યક્તી બળજબરીથી પડાવી લેવાનો ગુનો કરે તો તેને ત્રણ વર્ષ સુધીની

બે માંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામા આવશે.

➢ **આ કલમનાં તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ ભોગ બનનાર વ્યક્તિને ઈજાના ભયમાં મૂકી અથવા અન્ય વ્યક્તિને ઈજા કરવાનાં ભયમાં મૂકી,

(૨) આરોપીએ એવું કૃત્ય ઈરાદાપૂર્વક કર્યું,

(૩) આરોપીએ આવું કૃત્ય કોઈ મિલકત, કીમતી જામીનગીરી અથવા કોઈ પણ પદાર્થ કે જેના પર સહી અને મહોર મારવામાં આવી હોય અને તેને કીમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી ચીજ આપી દેવા માટે આરોપીએ આવું કૃત્ય કર્યું..

- **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૫:- બળજબરીથી પડાવી લેવા માટે વ્યકતીને ઇજાના ભયમાં મુકવી. :-</u>**
- કોઇપણ વ્યક્તી બળજબરીથી કંઇ પડાવી લેવા માટે અન્ય કોઇ વ્યક્તીને ઈજા કરવા ભય માં મુકે અથવા ભયમા મુકવાની કોશીશ કરે તેને બે વર્ષ સુધીની બે માથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ કે બન્ને સજા કરવાામા આવશે.

➢ **આ કલમનાં તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ કોઈ વ્યક્તિને ઈજાના ભયમાં મુકી અથવા ઈજાના ભયમાં મૂકવાની કોશિશ કરી,

(૨) આરોપીએ આવું કૃત્ય બળજબરીથી મિલકત પડાવી લેવા માટે કર્યું,

(૩) ઊભો કરવામાં આવેલો ભય કોઈ પણ પ્રકારની હાનિ પહોંચાડવા માટેનો હતો.

આ કલમમાં પ્રયોજવામાં આવેલો ‘હાનિ’ શબ્દ તે માત્ર શારીરિક હાનિ નથી, પરંતુ અન્ય પ્રકારની હાનિ પણ હોઈ શકે કે જેની વ્યાખ્યા કલમ ૪૪ માં આપવામાં આવી છે.

- **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૬:-કોઇ વ્યકતીને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકીને બળજબરીથી પડાવી લેવુ :-</u>**

- કોઈ પણ વ્યક્તીએ અન્ય કોઈ વ્યક્તિને પોતાને કે અન્ય કોઈ વ્યક્તિને મ્રુત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકીને, બળજબરીથી પડાવી લે, તેને દસ વર્ષ સુધીની બે માથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ કે બન્ને સજા કરવાામા આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

➢ **આ કલમનાં તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ કોઈ વ્યક્તિને પોતાને અથવા અન્ય કોઈ વ્યક્તિને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મૂકી,

(૨) આરોપીએ આવું કૃત્ય ઈરાદાપૂર્વક કર્યું,

(૩) આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે તેવી વ્યક્તિ અથવા અન્ય વ્યક્તિના કબજામાંથી મિલકત બળજબરીપૂર્વક પડાવી લેવા માટે કર્યું.

➢ **ઉપરોકત કલમ મુજબના તથ્યો મુજબ,**

**(૧૧)** હાલના કામના આરોપી ઉપર એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીઓએ, આ કામના ફરીયાદી એ આરોપીઓ પાસે થી અગાઉ વ્યાજે લીધેલ પૈસા, ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતા આરોપીઓએ, ફરીયાદીની જમીન તથા મકાન પડાવી લેવા દસ્તાવેજ કરાવી લેવા ધમકીઓ આપેલ છે.

ત્યારે ઉપરોકત ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૪, ૩૮૫, ૩૮૬ ના તથ્યો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે **આંક–૧૪ થી ફરીયાદી જીવરાજભાઈ ચતુરભાઈ ઝાંજરુકીયા ને આંક–૧૭ થી** સોગંદ પર તપાસતા તેઓ તેમની જુબાની મુખ્યત્વે જણાવે છે કે, છ વર્ષ પહેલા આ કામના આરોપીઓ પાસે થી ફરીયાદીએ વ્યાજે પૈસા લીધેલા જે પૈસાઓની આરોપીઓ અવાર નવાર ઉઘરાણી કરતા ફરીયાદીએ તેમની ૧૦ વિઘા જમીન આરોપીઓની સતત ઉઘરાણી ના કારણે વેચી નાખેલી તેમ છતા ફરીયાદીને, તને તથા તારા ઘરના સભ્યોને જીવવા નહી દવ તેવી ધમકીઓ આપી, બીજા જમીનનો દસ્તાવેજ કરવાની માંગણી કરતા હોવાની હકીકત જણાવે છે. જયારે બચાવ પક્ષે કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલનો બનાવ બન્યો તેમની ફરીયાદ તેઓએ છ વર્ષ બાદ આપેલ છે. **કહેવાતી જમીન ના ૧૦ વિઘા વાળો દસ્તાવેજ હાલના**

**આરોપીએ કરાવી લીધેલ હોય તેવુ બનેલ નથી તથા હાલના આરોપીઓએ તેમની પાસેથી બળજબરી થી દસ્તાવેજ કરાવી લીધેલ હોય તેવુ બનેલ નથી. જયા તેઓ રહે છે ત્યાં આજુબાજુ રહેણાંકી વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા માણસો રહે છે. રાજુભાઈએ તેમની પાસેથી કોઈ પ્રોમસરી નોટ/કોઈ બાનાખત કપટપૂર્વક કે જબરાઈથી લખાવેલ નથી. સર્વે નંબર ૧૪૪૭, ખાતા નંબર ૧૯૦ માંથી જમીનો પૈકીની ૧૦ વીઘા અઘાટ વેચાણનો દસ્તાવેજ હાલના આરોપીઓએ કરાવી લીધેલ હોય તેવુ બનેલ નથી.**

(૧૨) આમ, આરોપીઓએ ફરીયાદી પાસે થી બળજબરી પુર્વક ઈજાના ભયમા કે મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમા મુકીને જમીન પડાવી લીધેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની જુબાની પર થી સ્પષ્ટપણે જણાઈ આવતી નથી. વધુમા તેઓ ઉલટ તપાસ મા એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, કહેવાતી રકમ જે લીધેલી તેનો કોઈ લેખિત આધાર પુરાવો કરેલ નથી. વધુમા રેકર્ડ જોતા પણ આ અંગેનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ રાખેલ નથી અને જે ૧૦ વિઘા જમીનનો દસ્તાવેજ આંક–૪૨ થી રજુ કરેલ છે તે અનિલભાઈ બાવુદીનભાઈ સાલેવાલા ને વેચાણ કરેલ છે. તેમજ તે દસ્તાવેજ ફરીયાદીએ અનિલભાઈને કરી આપેલ હોય તેવુ બનેલ નથી. તે આંક–૪૨ વાળો દસ્તાવેજ ચતુરભાઈ ભીખાભાઈનાઓએ અનિલભાઈ બાવુદીન સાલેવાળાઓને કરી આપેલ છે. જેથી સદર ફરીયાદીની સમસ્ત જુબાની નુ અધ્યયન કરતા ફરીયાદીને ને ઈજાના ભયમા મુકી ને તથા મૃત્યુ કે મહાવ્યથાના ભયમા મુકીને બળજબરીથી કોઈ મિલકત પડાવી લીધેલ હોય તેવી હકીકત જણાઈ આવતી નથી.

(૧૩) ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ ધર્મેન્દ્રભાઈ દિલીપભાઈ ઝાંઝાંજરુકીયા ને આંક–૨૧ થી સોગંદ પર તપાસતા, સદર પંચ સાહેદે વ્યાજ લેવા જે વ્યકિતઓ ઘરે આવતા તે ઘર નુ પંચનામુ કરેલા નુ તથા સદર પંચનામા મા પોતાની સહીઓ કરેલા નુ જણાવે છે. પરંતુ ઉલટ તપાસ મા સ્વીકાર કરે છે કે, આખુ પંચનામુ પોલીસે તૈયાર કરેલુ અને બાદમા તેમને સહી કરવાનુ કહેતા તેમને સહી કરેલી. આમ, સદર પંચ સાહેદે પંચનામુ કરેલા નુ તથા તેમા સહી કરેલા નુ જણાવેલ છે પરંતુ પંચ

સાહેદે સંપુર્ણપણે પંચનામા ની હકીકત ને સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ ને મદદકર્તા થઈ શકે નહી.

**(૧૪)** ત્યારબાદ ઉપરોકત કલમ ના તત્વો પુરવાર કરવા ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ સંગીતાબેન જીવરાજભાઈ ઝાંજરુકીયા ને સોગંદ પર તપાસેલ છે. **સદર સાહેદ ફરીયાદીના પત્ની છે** અને તેમની જુબાની મા જણાવે છે કે, આરોપીઓ પાસેથી વ્યાજે લીધેલ પૈસા તેમના પતિએ વ્યાજ સહીત ચુકવી દીધેલ હોવા છતા, આરોપીઓ તેમના પતિ પાસે ઉઘરાણી કરતા અને એવુ કહેતા કે, પૈસા આપી દેજે કા તો તારી જમીનનો દસ્તાવેજ કરી દેજે નહીતર તને અને તારા ઘરના સભ્યોને જીવવા નહી દવ. જયારે બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, **તેઓની ખેતીની જમીન સંયુકત નામે ચાલે છે અને આ જમીન તમામ વ્યકિત ની સંમંતી હોય તો આ જમીન વેચી શકાય તથા હાલના આરોપીઓએ તેમના પતિ પાસેથી બળજબરી પુર્વક કોઈ દસ્તાવેજ, બાનાખત કે પ્રોમીસરી નોટ કે કોઈ ચેક લખાવી લીધેલ હોય તેવુ બનેલ નથી.** આમ, **સદર સાહેદની જુબાની પર થી પણ એ હકીકત તો સ્પષ્ટ થાય છે કે, આરોપીઓએ ફરીયાદી પાસેથી બળજબરી પુર્વક કોઈ મિલ્કત કે જમીન પચાવી પાડેલ હોય તેવુ બનેલ નથી.** જેથી સદર સાહેદની જુબાની ધ્યાને લેતા પણ આરોપીઓએ ઉપરોકત કલમ મુજબના તથ્યો પુરવાર કરેલ હોય તેવુ નિ:શંકપણે માની શકાય તેમ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવા કરવા માટે આંક–૩૯ થી સાહેદ લીલાબેન હરજીભાઈ ઘરજીયાને સોગંદ ઉપર તપાસેલા છે. સદર સાહેદે સરતપાસમાં ફરીયદપક્ષે સમર્થનકારી પુરાવો આપતા ન હોય, ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓને પુછી શકાય તેવા પ્રશ્નોની પરવાનગી આપતા તેમા પણ તેઓ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેમના જમાઈ એટલે કે આ કામના ફરીયાદી એ કોઈ આરોપીના નામના કોઈ દસ્તાવેજ કરી દીધેલ હોય કે કેમ

તે વિશે તેમને કોઈ અંગત માહિતી નથી. તેમના જમાઈએ આરોપીઓ સાથે જે કાંઈ નાણાકીય લેવડ દેવડ કરેલ તે બાબતની તેમને કોઈ જાત માહિતી નથી. આમ, સદર સાહેદ ની જુબાની પણ ફરીયાદપક્ષ ને મદદકર્તા થઈ શકે તેમ નથી.

(૧૬) ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૪૧ થી સાહેદ અનિલભાઈ બાવુદીનભાઈ સાલેવાલા ને સોગંદ પર તપાસતા સદર સાહેદ ચતુરભાઈ ભીખાભાઈ એટલે કે આ કામના ફરીયાદીના પિતા પાસે થી ૧૦ વિઘા જમીન વેચાણ થી રાખેલી અને તેનો દસ્તાવેજ સાહેદ ને બતાવતા તે ઓળખી બતાવે છે આ સિવાય બીજુ કાઈ જાણતા નથી. વધુમા, **બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ચતુરભાઈ પોતે આ જમીન કયા કરણોસર વેચવા માગે છે તે અંગે તેમને કોઈ જાણ કરેલ નથી અને તે અંગે તેઓ કશુ જાણતા નથી તથા ચતુરભાઈના દીકરા જીવરાજભાઈએ કોઈ નાણાકીય લેવડ દેવડ કોઈની સાથે કરેલ હોય તે અંગે પણ કશુ જાણતા નથી.** આમ, સદર સાહેદ ની જુબાની ઉપર થી ફરીયાદીના પિતાએ તેમને વેચાણ દસ્તાવેજ કરેલા ની હકીકત જણાઈ આવે છે પરંતુ આ જમીન કયા કારણો સર વેચાણ કરેલ તે અંગેની કોઈ જાતની માહીતી મળી આવતી નથી. આમ, સદર સાહેદની જુબાની પરથી પણ ઉપરોકત આક્ષેપિત કલમો ના તત્વો પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૭) **આ કામના તપાસ કરનાર અમલદાર શ્રી રમેશકુમાર કાંતીલાલ પ્રજાપતિને** ફરીયાદપક્ષે **આંક–૪૬** થી સોગંદ પર તપાસતા સદરહુ તપાસ કરનાર અમલદારશ્રી એ પોતે કરેલ તપાસ ને અનુરુપ જુબાની આપેલ છે. સદર તપાસ કરનાર અમલદાર શ્રી એ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તથા આરોપીઓને અટક કરેલા ની હકીકત પોતાની સરતપાસ મા જણાવે છે. પરંતુ બચાવપક્ષે કરેલ ઉલટ તપાસ મા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, તેમની તપાસ દરમ્યાન આ કામના ફરીયાદી કે આરોપીઓ પાસેથી કોઈ પ્રોમીસરી નોટ, હુંડી, દસ્તાવેજ કે બાનાખત કબજે કરેલ હોય તેવુ બનેલ નથી તથા હાલના આરોપીઓએ ફરીયાદી પાસેથી પૈસા ઉછીના કંઈ તારીખે લીધેલા હતા? તે અંગે તેમને કોઈ સ્વતંત્ર સાહેદ નુ નીવેદન લીધેલ નથી તથા આ કામના આરોપી નંબર ૧

નાએ ફરીયાદી પાસે થી જબરજસ્તી થી કોઈ દસ્તાવેજ કરાવી લીધેલ હોય તેવો કોઈ દસ્તાવેજ તેમને તેમની તપાસ દરમ્યાન મળી આવેલ નથી કે તેમને કબજે કરેલ નથી. ફરીયાદી પોતાના નામે ખેતીની જમીન ધરાવે છે તે દર્શાવતો કોઈ રેવન્યુ રેકર્ડ જેવા કે ગામ નમૂનો નંબર, સાતબાર તેમની સમક્ષ રજૂ કરેલ નથી.

(૧૮) આ સંદર્ભે **૧૯૮૯(૨) ક્રાઇમ્સ, ૪૬૭–સ્ટેટ ઓફ યુ.પી.વિ.મદન મોહન અને અન્ય** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, જ્યારે બનાવ સંબંધેની હકીકત છુપાવવામાં આવી હોય ત્યારે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. સદરહુ ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, બનાવ સમયે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોય છતાં તેવા સાહેદોને તપાસવામાં આવેલા નહિ અને તેથી ફરિયાદ પક્ષ કંઈક છુપાવવા માંગતા હોય તેવું સ્પષ્ટ થતુ હોય ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે.

**ત્યારે, રેકર્ડ જોતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે પરંતુ આ કામના તપાસ કરનાર અમલદારે** અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. આ તબકકે **ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા...તથા નામ. સુપ્રિમ કોર્ટના** સુપ્રિમ કોર્ટે સન્શપાલસીગ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' **સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ** લેવો **જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી** '' આ સિઘ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.

(૧૯) આમ, ઉપરોકત તમામ સાહેદો ની જુબાનીઓ તથા રેકર્ડ પરનો સમગ્ર પુરાવો

જોતાં, ફરીયાદીએ આરોપીઓ પાસેથી વ્યાજે પૈસા લીધેલ હતા તેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ કરવામા આવેલ નથી. તેમજ ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપીના સતત ઉઘરાણીના કારણે ૧૦ વીઘા જેટલી જમીન વેચી નાખેલી. પરંતુ આ કામનુ રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી ધ્વારા કોઈ જમીન વેચાણ કરવામા આવેલ હોય તેવો કોઈ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામા આવેલો નથી. વધુમા આ કામે રજૂ કરવામા આવેલ આંક–૪૨ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા તે દસ્તાવેજ ચતુરભાઈ ભીખાભાઈ નાઓએ અનિલભાઈ બાવુદીનભાઈ સાલેવાલાઓને કરી આપેલ છે. જેમા આંક–૪૧ થી અનિલભાઈ સાલેવાલાનો પુરાવો નોંધવામા આવેલ છે જેમા તેઓએ સ્પષ્ટપણે કબૂલ રાખેલ છે કે, ચતુરભાઈએ પોતે આ જમીન કયા કારણોસર વેચવા માંગે છે તે અંગે તેઓ કઈ જાણતા નથી. તેમજ ચતુરભાઈ ના દીકરા જીવરાજભાઈએ કોઈ નાણાકીય લેવડ દેવડ કોઈની સાથે કરેલ હોય તેઓ કશુ જાણતા નથી. આમ આંક–૪૨ વાળો દસ્તાવેજ કયા કારણોસર કરવામા આવેલ છે તે હકિકત રેકર્ડ પર ફરીયાદપક્ષ સ્પષ્ટપણે લાવેલ નથી. તેમજ દસ્તાવેજ કરી આપનાર ફરીયાદીના પિતા ચતુરભાઈ ભીખાભાઈ પણ તપાસ કરનાર અમલદાર ધ્વારા કોઈ નીવેદન લેવામા આવેલ નથી. કે ફરીયાદપક્ષે ચતુરભાઈ ભીખાભાઈ ફરીયાદીના પિતાને આ કામે સાહેદ તરીકે તપાસવામા આવેલા નથી. આમ, આંક–૪૨ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ફરીયાદીના પિતા ચતુરભાઈ પાસેથી આરોપીઓએ બળજબરીપૂર્વક, ઈરાદાપૂર્વક કરાવેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. તેમજ ફરીયાદપક્ષે તપાસવામા આવેલા સાહેદો ધ્વારા પણ એવી કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી કે આંક–૪૨ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ફરીયાદીના પિતા પાસેથી બળજબરીપૂર્વક આરોપીઓએ કરાવી લીધેલ છે.

(૨૦) ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીઓએ ફરીયાદી પાસેથી બળજબરીથી પૈસા કઢાવી લીધેલ છે. પરંતુ આ કામે ફરીયાદી તથા ફરીયાદીની જુબાની ધ્યાને લેવામા આવે તો ફરીયાદીએ આરોપીઓને કયારે, કઈ તારીખે અને કેવી રીતે ફરીયાદમા જણાવેલ આટલી મોટી રકમ આપેલ છે તેનો કોઈ ખુલાસો ફરીયાદી કે આ કામે તપાસેલા સાહેદો ધ્વારા કરવામા આવેલો નથી. તેમજ ફરીયાદીએ આરોપીઓ પાસેથી કયારે અને કેવી રીતે આટલી મોટી રકમ

વ્યાજે લીધેલ છે તેનો કોઈ બેંક ખાતાની નોંધ રજૂ કરવામા આવેલ નથી કે તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના કામે આરોપીઓએ ફરીયાદીએ કયારે અને કેવી રીતે અને કોની હાજરીમા વ્યાજે રકમ આપેલ છે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો કે સાહેદનું નિવેદન નોંધવામા આવેલ નથી કે દસ્તાવેજી પુરાવો કબજે કરવામા આવેલ નથી.

ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૪, ૩૮૫, ૩૮૬ પુરવાર કરવા પ્રથમ બળજબરીથી પડાવી લેવાનો ઈરાદો અને ત્યારબાદ મિલકત પડાવી લેવા માટે અપ્રમાણિત ઈરાદો મહત્વના તત્વો છે અને તે ઈરાદા પાર પાડવા માટે વ્યકિત ભોગ બનનાર વ્યકિતને હાનિના ભયમા મુકે અને ભય પામેલી વ્યકિતને તે રીતે દબાવીને મિલકત આપી દેવા માટેની પરિસ્થિતિમા મુકવામા આવે ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૪, ૩૮૫ અને ૩૮૬ મુજબનો ગુનો બને છે. પરંતુ આ કામે રેકર્ડ પર ધ્યાને લેતા તેમજ ઉપરોકત હકિકતો ધ્યાને લેતા ફરીયાદીના નામે કોઈ મિલકત આવેલ હોય તેવો કોઈ રેકર્ડ આ કામે રજુ કરેલો નથી તેમજ જે મિલકતનો આંક–૪૨ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજૂ કરેલ છે. તે મિલકત પડાવી લેવા આરોપીઓનો ઈરાદો હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૪, ૩૮૫ અને ૩૮૬ના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય, **મુદા નંબર ૧ નો જવાબ નકારમા આપવામા આવે છે.**

- <u>**મુદૃા નંબર ૨ અંગે:–**</u>

**(૨૧)** ફરીયાદપક્ષે આરોપીઓ સામે ફરીયાદીને **ફરીયાદીના ઘરે તથા વાડીએ જઈ ને ગાળો આપવાનો આક્ષેપ છે.** ત્યારે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ ના તત્વો ધ્યાને લેવા ખુબ જ જરૂરી બને છે.

<u>**ભારતીય દંડ સંહિતાની કલમ– કલમ ૫૦૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે. :–**</u>

–: આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનુ અપમાન કર્યુ,

–: તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

–: આરોપી જણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**(૨૨)** હાલના તબબકે નીચે મુજબનો નામદાર ગુજરાત હાઈકોટનો કોર્ટનો ચુકાદો ધ્યાને લેવો ખુબજ જરૂરી છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧)–જીએલએચ.૩૩૭–પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ–વિરુધ્ધ–સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં સ્પષ્ટરીતે એવું ઠરાવેલ છે કે,** ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨)નો ગુનો સાબીત કરવા આરોપીઓ દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. વધુમાં કલમ ૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેરશાંતિનો ભંગ કરવાં અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી.

**(૨૩)** ફરીયાદપક્ષે આરોપી સામે એવો આક્ષેપ કરેલ છે કે, **આરોપીઓએ ફરીયાદી ના ઘરે તથા વાડીએ જઈ ને ફરીયાદી ને ગાળો આપેલ.** આ સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ વંચાણે લેવામાં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે, આ કામના આરોપીએ સાહેદ નું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ તેમજ સાહેદોને એટલા માટે ઉશ્કેરણી આપેલ હોવી જોઈએ કે જેથી સાહેદ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે, આ તત્વો પુરાવા પરથી ફલીત થાય તો જ કોઈપણ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ ના ગુના અંગે તકશીરવાન ઠરાવી શકાય.

આ કામે આંક–૧૭ થી ફરીયાદી જીવરાજભાઈ ચતુરભાઈ ઝાંજરુકિયાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો ફરીયાદીને આરોપીએ તેના ઘરે કે વાડીએ આવીને ગાળો આપેલ હોય તેવુ રેકર્ડ પર જણાવેલ નથી. જયારે આ કામે આંક–૩૪ થી તપાસેલ સાહેદ ફરીયાદીના પત્ની સંગીતાબેન જીવરાજભાઈ નાઓએ પોતાની જુબાની દરમ્યાન ફકત આરોપી નંબર ૧ ગજેન્દ્રભાઈ બાબુભાઈ રાઠોડનાઓએ ફરીયાદીને વાડીએ આવીને ગાળો આપ્યાની હકિકતો

જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદીના સાસુ લીલાબેન હરજીભાઈ ઘરજીયાને આંક–૩૯ થી ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલા છે. પરંતુ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે.

રેકર્ડ પર પુરાવાનુ મુલ્યાકન કરતા આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના સાહેદને આ કામના આરોપીએ શું ધમકી આપેલ કે શું ગાળો આપેલ તે હકિકત ચોકકસ પણે ફરીયાદી કે સાહેદોની જુબાની પરથી રેકર્ડ પર આવતી નથી. તેમજ આ કામના આરોપીએ ગાળો આપવાનું કૃત્ય ફરીયાદીપક્ષને ઉશ્કેરવા માટે કે સાહેદો શુલેહ શાંતિનો ભંગ કરે તે હેતુથી આપેલ હોય તેવું પણ રેકર્ડ પર આવેલ નથી. તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ ના તત્વો જોવામાં આવે તો તેના મુળભુત તત્વો આરોપીએ સાહેદોનું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ તેમજ સાહેદોને એટલા માટે ઉશ્કેરણી આપેલ હોવી જોઈએ કે જેથી સાહેદ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે. જેથી **ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪** ના તત્વો પુરાવા પરથી ફલીત થતા નથી.

**(૨૪)** ફરીયાદપક્ષનો આરોપીઓ સામે આક્ષેપ છે કે, આરોપીઓએ ફરીયાદીને તેની વાડીએ તથા ઘરે આવીને પૈસા નહી આપે તો તેને તથા તેના ઘરના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરવા નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

**<u>કલમ ૫૦૬(૨) અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે. ::–</u>**

–: શું આરોપી ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોચાડવાની ધમકી આપેલ છે?

–: શું આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા તો પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર

હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહા વ્યથા કરવાની કે કોઈ મીલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વરસ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચરિત્ર હીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી?

(૨૫) હાલના તબબકે નીચે મુજબનો નામદાર ગુજારાત હાઈકોટનો કોર્ટનો ચુકાદો ધ્યાને લેવો ખુબજ જરૂરી છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) –જીએલએચ.૩૩૭–પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ–વિરુધ્ધ–સ્ટેટ ઓફ ગુજરાત**નાં ચુકાદામાં સ્પષ્ટરીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨)નો ગુનો સાબીત કરવા આરોપી દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. કલમ ૫૦૬(૨)માં મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીનાં કારણે સાહેદને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઈએ. વધુમાં આવી ધમકીનાં કારણે સાહેદ ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશકિતમાન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી.

ફરીયાદપક્ષે આરોપી સામે એવો આક્ષેપ કરેલ છે કે, **આ કામના આરોપીઓએ ફરીયાદી ને પૈસા નહી આપે તો તેને તથા ઘરના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપેલી.** આ સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૬(૨) વંચાણે લેવા માં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે, આરોપીએ સાહેદોને કોઈ ગુનાહિત ધમકી કે મહાવ્યથા કરવાની ધમકી આપેલી. માત્ર ઉશ્કેરણી જનક શબ્દો કહેવામાં આવેલ હોય તેના આધારે ભારતીયદંડ સંહીતાની કલમ ૫૦૬(૨) નું તહોમત બને છે તેવું ઠરાવી શકાય નહી. આ કામનો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા, આ કામના ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓ પોતાની જુબાની દરમ્યાન આરોપીએ તેઓને જાનથી મારી

નાખવાની ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે સાહેદોને મૃત્યુનો ભય થયો હોય અથવા ફરીયાદી કે સાહેદોના રોજિંદા કાર્યક્રમ કે વ્યવહારને કોઈ અવરોધ ઉભો થયેલ હોય તેવું જણાતું નથી. વળી, આરોપીએ આપેલ ધમકીના કારણે ફરીયાદી કે સાહેદોને કોઈ માનસીક અસર થઈ હોય કે સાહેદને કોઈ ભય થયો હોય તેવું જણાતું નથી. તે ઉપરાંત ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની ધ્યાને લેતા બનાવ બન્યા બાદ ફરીયાદીએ ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે ફરીયાદી કે સાહેદોની રોજીંદી જિંદગી જીવવા માટે ભય ઉપસ્થિત થયેલ હોય કે આરોપીએ આપેલ ધમકી ના કારણે ફરીયાદીને કે સાહેદને ભયની કોઈ ચેતવણી મળેલ તેવો કોઈ પુરાવો નામ.કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી. **ત્યારે હાલના સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ-૫૦૬(૨) મુજબનુ તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.**જેથી **મુદ્દા નંબર ૨** નો જવાબ '' **નકારમા** '' આપવામા આવે છે.

● <u>**મુદ્દા નંબર ૩ અંગે:-**</u>

**(૨૬)** ફરીયાદપક્ષના કેસમાં હાલના કામના આરોપી સામે **મની લેન્ડર્સ એકટ ની કલમ-૪૦ તથા ૪૨** મુજબનો આક્ષેપ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

- <u>**મની લેન્ડર્સ એકટ ની કલમ ૪૦ :- સતામણી માટે શિક્ષા:-**</u>
- **કોઈપણ મની લેન્ડર દેવું વસુલ કરવા માટે દેવાળુને ત્રાસ (સતામણી) આપે છે કે ત્રાસ (સતામણી) આપવામાં સહભાગી બને છે, તો તે દોષિત ઠર્યે થી બે વર્ષ સુધીની કેદની સજા અને પચ્ચીસ હજાર રૂપિયા સુધીના દંડ ની શિક્ષા કરવામા આવશે.**
- સ્પષ્ટીકરણ: **'ત્રાસ'(સતામણી)** નો અર્થ થાય છે:

  - બળજબરીથી ત્રાસ આપવો અથવા ધમકી આપવી

  - વારંવાર પીછો કરવો અથવા સંપત્તિમાં ખલેલ પહોંચાડવી,

  - ઘર કે કાર્યસ્થળ પાસે જઈ ત્રાસ આપવો,

(માત્ર જાણકારી આપવા જવું **'ત્રાસ' (સતામણી)** માનવામાં નહીં આવે)

- **<u>મની લેન્ડર્સ એકટ ની કલમ ૪૨ :- કલમો ૫, ૧૯, ૩૩ અથવા ૩૮ ના ઉલ્લંઘન માટે શિક્ષા:-</u>**
- **કોઈપણ વ્યકિત, રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય નાણા ની ધીરધાર નો ધંધો ચલાવે તથા દેણદાર પાસેથી ઉંચા દરે વ્યાજ ની માંગણી કરે અથવા લખાણ અથવા દસ્તાવેજ અથવા કોઈ ખતનો સ્વીકાર કરે તથા દેણદાર ના રેકર્ડ અથવા લેવડ દેવડ સાથે ચેડા કરે તથા મિલકત સાથે ચેડા કરે અથવા હાનિ કરે અથવા તે નષ્ટ કરે તો તેને દોષિણ ઠર્યે થી બે વર્ષ સુધીની કેદની સજા અને/અથવા રૂપિયા ૨૫,૦૦૦/- સુધીનો દંડ થઈ શકે છે.**

– રજીસ્ટ્રેશન વગર વ્યવહાર કરવો (કલમ 5),

– દરખાસ્ત પર દસ્તાવેજો રજૂ ન કરવાં (કલમ 19),

– અધિકારીના તપાસમાં અડચણ લાવવી (કલમ 19),

– વ્યાજમાં મર્યાદા કરતાં વધુ વસૂલવું (કલમ 33),

– ખોટા દસ્તાવેજો લેવાના ગુના (કલમ 38),

➔ **<u>ઉપરોકત કલમ મુજબના તથ્યો મુજબ,</u>**

**(૨૭)** હાલના કામના આરોપીઓ ઉપર એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીઓએ મળીને, ફરીયાદી એ આરોપીઓ પાસે થી વ્યાજે લીધેલ પૈસા , ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી પૈસા કઢાવી લીધેલ અને આરોપીઓ ખોટા વ્યાજો ચડાવી ફરીયાદીની વાડીએ તથા ઘરે આવી વ્યાજના પૈસાની અવાર નવાર પઠાણી ઉઘરાણી કરેલ.

ત્યારે મની લેન્ડર્સ એકટ ની કલમ- **૪૦ તથા ૪૨** ના તથ્યો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામા આવે તો તેમા મુખ્યત્વે જણાઈ આવે છે કે, આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે આવી ને પૈસા ની ઉઘરાણી કરતા હતા પરંતુ મની લેન્ડર્સ એકટ ની કલમ-૪૦ જોવામા આવે તો આવી ઉઘરાણી બળજબરી થી કરેલ હોય અથવા બળજબરી થી ત્રાસ આપેલ હોય અથવા ઘર કે

કાર્યસ્થળ પાસે જઇ ત્રાસ આપ વામા આવેલ હોય તો, ઉપરોકત કલમના તત્વો પુરવાર થઈ શકે. પરંતુ ફરીયાદી તથા સાહેદો ની જુબાની જોતા, એ જણાઈ આવે છે કે, આરોપીઓ ફરીયાદીના ઘરે થઈ પૈસા ની ઉઘરાણી કરતા પરંતુ તેઓ પૈસા ની માંગણી બળજબરી થી કે સતામણી થી કરતા હતા કે કેમ? તે અંગે કોઈ સ્પષ્ટતા જણાઈ આવતી નથી. આમ, માત્ર જાણકારી આપવા જવુ એ ત્રાસ અથવા સતામણી માનવામા નહી આવે.

વધુમા તપાસેલા તમામ સાહેદોની જુબાનીઓ જોતા કયાય પણ આ કામના આરોપીઓ રજીસ્ટ્રેશન વગર નાણાની ધીરધાર નો ધંધો ચલાવતા હોય તે અંગેનો પુરાવો રજુ કરેલ નથી. વધુમા સાહેદો ની ઉલટ તપાસ મા એક સમાન હકીકત જણાઈ આવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી ની કોઈ મિલ્કતનો બળજબરી પુર્વક દસ્તાવેજ કે બાનાખત કે પ્રોમીસરી નોટ  કરાવેલ હોય તેવુ બનેલ નથી. જેથી આરોપીઓએ ફરીયાદીની કોઈ મિલકત સાથે ચેડા કરેલ હોય કે ફરીયાદીની મિલકત ને હાનિ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ જોતા જણાઈ આવતો નથી જેથી ફરીયાદપક્ષ **મની લેન્ડર્સ એકટ ની કલમ– ૪૦ તથા ૪૨** ના તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ રીતે ફલીત થાય છે. જેથી **મુદ્દા નંબર ૩** નો જવાબ '' **નકાર** '' મા આપવામા આવે છે.

(૨૮) આમ, ઉપરોકત તમામ ચર્ચા ને અંતે અને તમામ સાહેદોની જુબાની જોતા, તહોમતનામામા દર્શાવ્યા મુજબનો ગુનો સદર કામના આરોપીઓ ધ્વારા કરેલ હોય અને સદરહુ ગુના મા હાલના કામના આરોપીઓ ની સંડોવણી હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી તેવુ, અત્રેની કોર્ટ નું વિનમ્રપણે માનવુ છે.

આ તબકકે, **૨૦૧૭(૨) જી.એલ.આર., ૧૫૫૨ – મહેશભાઇ રતીલાલ ભીલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.હાઇકોર્ટે એવું ઠરાવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં જ્યારે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે માત્ર નૈતિકતાના આધારે સજા કરી શકાય નહિ. **ગુન્હો ગમે તેટલો ગંભીર હોય અને શંકા ગમે તેટલી દ્રઢ હોય તો પણ તે ક્યારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહિ અને જ્યારે આ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ હંમેશા આરોપીને મળવો જોઇએ.** હાલના કેસમાં પણ ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબ ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંક રીતે

પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે શંકાનો લાભ તહોમતદારને આપવો ન્યાયી અને યોગ્ય જણાય છે.

**ત્યારબાદ,** આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટના **Rakeshkumar Damodarji Acharya v/s state of Gujarat 2014(3) GLH 252 Coram: Hon'ble Justice Bhaskar Bhattacharya and J.B.Pardivala** ના ચુકાદામાં સ્પષ્ટપણે એવું ઠરાવેલ છે કે**,**

**para 51**

*"The trail judge owes a responsibility to weigh the probability of the prosecution evidence, which he has to do for arriving at the decision whether the prosecution allegations have been proved by the standard laid down in section 3 of the Evidence Act. In so weighing the probability of the prosecution allegation, of necessity, other probabilities also appearing from the evidence brought before the Court have to be considered for comparative assessment which of the probabilities should be accepted as a fact proved. If, from the evidence, any probability consistent with the innocence of the accused is equally strong as the probability pointing to his guilt, then on the strength of the presumption of innocence in favor of the accused, it could be said that the prosecution has failed to prove its allegations. Even if the probability consistent with innocence is not equally strong with other probability of innocence is such as would cast a doubt, then it may be a case of reasonable doubt, the benefit of which must go to the accused. That being so, it is incumbent upon the trial Judge to consider all the probabilities that appear from the evidence before him, and he cannot afford to be credulous and omit so consider reasonable probabilities only because in the opinion of the medical expert, the case is one of homicidal death and not suicidal death. The trial Court, as a Judge of fact, must consider the evidence given in the case from all view points."*

**એટલે કે જ્યારે ન્યાયની અદાલતને ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા જણાય એટલે કે જ્યારે ત્યારે તેવી શંકાનો લાભ આરોપીને અવશ્યપણે આપવો જ જોઈએ એજ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતે જગ્ગાસિંઘ વિ. પંજાબ રાજ્ય (એ.આઈ.આર.૧૯૭૫ સુ.કો.૧૩૫) ના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર શંકા આખરે**

**શંકા છે, તે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતિનું સ્થાન લઇ શકે નહિ અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી હોય તેથી ભારતીય ન્યાય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીઓ ને આપવો ન્યાયોચીત જણાય છે.**

(૨૯) ઉપર મુજબ કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંક રીતે પુરવાર કરવાનો રહે છે.

આમ, ફરીયાદપક્ષનાં સમગ્ર પુરાવાથી ફરિયાદપક્ષ ફરિયાદમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને આકર્ષી શકે તેવો નિઃશંક પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલા છે. તેથી ઉપરોકત તમામ ચર્ચાના અંતે, આ કામના આરોપીઓએ, આ કામના ફરીયાદીએ આરોપીઓ પાસે થી અગાઉ પૈસા વ્યાજે લીધેલ અને ત્યારબાદ ફરીયાદીની દસ વિઘા જમીન વેચાવી દઈ, બળ જબરીથી પૈસા કઢાવી લીધેલ હોવા છતા, આરોપીઓ ખોટા વ્યાજો ચડાવી ફરીયાદીની વાડીએ તથા ઘરે આવી વ્યાજના પૈસા અવાર નવાર પઠાણી ઉઘરાણી કરી, ફરીયાદીને ગાળો આપી, પૈસા નહી આપે તો ફરીયાદી તથા તેના ઘર ના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, ફરીયાદીની જમીન તથા મકાન પડાવી લેવા દસ્તાવેજ કરાવી લેવા ધમકીઓ આપી, **ભારતીય દંડ સંહિતા ની કલમ- ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા મની લેન્ડર્સ એકટ ની કલમ-૪૦, ૪૨** મુજબનો ગુનો કરેલો છે તેવી હકીકત સરકાર પક્ષે નિ:શંક પણે સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નંબર ૧** તથા **મુદ્દા નંબર ૨** તથા **મુદ્દા નંબર ૩ નો જવાબ " નકારમાં " આપી, મુદ્દા નંબર ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

## -:: <u>આખરી હુકમ</u> ::-

(૧) આ કામના આરોપીઓ **નંબર (૧) ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજેન્દ્રભાઇ હરીસંગભાઇ ઉર્ફે બાબુભાઇ રાઠોડ,** ઉ.વ. ૩૬, રહે.બરવાળા, પાટ શેરી, તાલુકો- બરવાળા, જીલ્લો- બોટાદ, **(૨) રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભાઇ રામદેવસિંહ પરમાર,** ઉ.વ.૪૭, રહે.બરવાળા, પંડ્યા શેરી તાલુકો- બરવાળા, જીલ્લો- બોટાદ, (૩)

**બાવકુભાઈ બહાદુરભાઈ ધાધલ,** ઉ.વ.૪૦, રહે. રેફડા, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ, **(૪) રવિરાજભાઈ ઉર્ફે ભગીરથભાઈ બાબભાઈ ખાચર,** ઉ.વ. ૨૪, રહે. ગુંદા, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ, **(૫) નટુભાઈ બબાભાઈ સાલેવાલા,** ઉ.વ.૬૩, રહે.બરવાળા, કુંડળ દરવાજા પાસે, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ, **(૬) યુનુશભાઈ ઉર્ફે ફિનીયો જમાલભાઈ બાવનકા,** ઉ.વ. ૪૭, રહે.બરવાળા, ધોલેરીયા પરામાં, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૪૮(૧) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨)** તથા **મની લેન્ડર્સ એક્ટની કલમ–૪૦, ૪૨** મુજબના ગુનાના તહોમત સબબ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે પ્રત્યેક આરોપીઓએ રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૦૨, માહે–મે, સને– ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:–૦૨/૦૫/૨૦૨૬**
**સ્થળ:– બરવાળા**

**(નિતેષ કિશોરભાઈ નાચરે)**
**જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**બરવાળા,જીલ્લો–બોટાદ**
**Judge code GJ** 01451